# ભરૂચમાં બે ટાઈમ પાણી મળશે

**20 જૂનથી** અમલ, પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અનુરોધ



ભરૂચ: છેલ્લા કેટલાક દિવસોથી પાણીની અછત સામે ઝઝૂમી રહેલા ભરૂચ શહેરના નાગરિકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. ભરૂચ નગરપાલિકાએ જાહેર કર્યું છે કે, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા મુખ્ય કેનાલમાં પાણી છોડવામાં આવ્યું છે, જે હાલ કેનાલ મારફતે આગળ વધી રહ્યું છે. નગરપાલિકા સૂત્રોના જણાવ્યા અનુસાર આ પાણી 20 જૂન, 2026થી ભરૂચ શહેરના પાણી પુરવઠા માટે જરૂરી જથ્થામાં ઉપલબ્ધ થવાની શક્યતા છે. આ સાથે શહેરમાં ફરી એક વખત નિયમિત રીતે બે સમય પાણી પુરવઠો શરૂ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, મુખ્ય કેનાલમાં પાણીની આવક બંધ રહેવાને કારણે છેલ્લા કેટલાક સમયથી શહેરમાં પાણીની ઉપલબ્ધિ પર ગંભીર અસર પડી હતી. આ સ્થિતિમાં નગરપાલિકા દ્વારા ઉપલબ્ધ મર્યાદિત જથ્થાના આધારે માત્ર એક સમય જ પાણી પુરવઠો આપવામાં આવી રહ્યો હતો. જો કે, હવે પાણીની આવક શરૂ થતાં પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. નગરપાલિકાના નિવેદન અનુસાર તા.20 જૂન, 2026થી શહેરમાં નિયમિત રીતે ફરી બે સમય પાણી પુરવઠો શરૂ કરવામાં આવશે. જેના કારણે લાંબા સમયથી પાણીની સમસ્યાનો સામનો કરી રહેલા નાગરિકોને મોટી રાહત મળશે. પાલિકાએ વધુમાં જણાવ્યું હતું કે, પાણીની ઉપલબ્ધિ સામાન્ય થતાં વિતરણ વ્યવસ્થાને પણ પૂર્વવત કરવામાં આવશે. નગરપાલિકાએ નાગરિકો માટે એક મહત્ત્વપૂર્ણ સૂચના પણ જાહેર કરી છે. મુખ્ય કેનાલમાં અંદાજે 25 દિવસ બાદ પાણી છોડવામાં આવ્યું હોવાથી શરૂઆતના બે દિવસ દરમિયાન પાણી થોડું ડહોળું અથવા કાદવમિશ્રિત આવવાની શક્યતા છે. આવી સ્થિતિમાં આરોગ્યની દૃષ્ટિએ જરૂરી સાવચેતી રાખવા પાલિકાએ અપીલ કરી છે. પાલિકાએ શહેરજનોને ઘરગથ્થુ સ્તરે ફટકડીનો ઉપયોગ કરીને પાણી શુદ્ધ કરવાની સલાહ આપી છે. ઉપરાંત, પીવાના પાણીનો ઉપયોગ કરતા પહેલાં તેને ગાળીને અને સારી રીતે ઉકાળી લેવાની પણ અપીલ કરવામાં આવી છે, જેથી પાણીજન્ય રોગોથી બચી શકાય.

નગરપાલિકાએ નાગરિકોને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે. પાણીની ઉપલબ્ધિમાં સુધારો થઈ રહ્યો હોવા છતાં, પાણીનો બગાડ ટાળવા અને નિયમિત પુરવઠો જળવાઈ રહે તે માટે નાગરિકોના સહયોગની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. નગરપાલિકાના આ નિર્ણયથી આગામી દિવસોમાં ભરૂચ શહેરમાં પાણી પુરવઠાની સ્થિતિ સામાન્ય બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## નહેરોની મરામત માટે પાણી બંધ રાખવા બેઠક મળશે

સાયણ: કાકરાપાર સિંચાઈ વિભાગની પેટા નહેરોની મરામત માટે આગામી નવેમ્બર માસથી ૯૦ દિવસ સુધી નહેરમાં પાણી બંધ રાખવા મામલે સોમવારે ઓલપાડ જીન કેમ્પસમાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. ધી પુરુષોત્તમ ફાર્મર્સ કો.ઓ. જીનિંગ એન્ડ પ્રેસિંગ સોસાયટીના પ્રમુખ મનહરભાઈ કે.પટેલે એક અખબારી નિવેદનમાં જણાવ્યું છે કે, આગામી નવેમ્બર-૨૦૨૬થી જાન્યુઆરી-૨૦૨૭ સુધી સતત ત્રણ માસ (૯૦ દિવસ) નહેરમાં સિંચાઈનું પાણી બંધ કરી નહેરની મરામત કરવાનું સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જે સંબંધી નહેર મરામતનાં બાકી કામો, સૂચનો વગેરેની ચર્ચા-વિચારણા કરવા માટે ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ઓલપાડ જીન કેમ્પસ ખાતે સોમવાર, તા.૨૨ના રોજ સવારે- ૧૦ કલાકે એક બેઠક રાખવામાં આવી છે. આ બેઠકમાં સુગર ફેક્ટરી, કોટન સહકારી મંડળીઓ, પિયત સહકારી મંડળીઓના હોદ્દેદારો, તાલુકાના અન્ય સહકારી આગેવાનો તેમજ સંબંધિત ખાતાના અધિકારીઓને સમયસર હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

# એક્ટ્રેસ થવાનાં સપનાં લઈ મુંબઈ જતી સગીરા ભરૂચ ટ્રેનમાંથી ઊતરી

**સગીરાને** એકલી જોઈ ભરૂચ રેલવે પોલીસે સખી વનસ્ટોપ સેન્ટરનો સંપર્ક કર્યો

**ગ્લેમરની** ઝાકઝમાટમાં ખોવાયેલી પટનાની સગીરાનું પરિવાર સાથે મિલન



ભરૂચ: સોશિયલ મીડિયાના ઝડપી પ્રવાહમાં યુવાનીની ઘેલછા અને આંધળી દોટ ક્યારેક પરિવારથી અલિપ્ત થવાનો વારો લાવી દે છે. આવી જ એક ઘટના સામે આવી છે, જ્યાં પટનાની એક સગીરા બોલીવુડની હિરોઈન બનવાનાં સપનાં સાથે મુંબઈ જતાં ભૂલથી ભરૂચના રેલવે સ્ટેશને ઊતરી પડી હતી.

પટના (બિહાર)માં રહેતી સગીરાને સોશિયલ મીડિયા પર બોલીવુડની ગ્લેમરસ દુનિયા જોઈને હિરોઈન બનવાની તીવ્ર ઇચ્છા જાગી હતી. તેણે પરિવારને કશું જણાવ્યા વિના ટ્રેન પકડી અને મુંબઈ તરફ પ્રયાણ કર્યું. પરંતુ મુંબઈ જવા નીકળેલી સગીરા માર્ગમાં ભરૂચ રેલવે સ્ટેશન પર ઊતરી ગઈ. સ્ટેશન પર તે લાંબા સમય સુધી એકલી બેઠી રહી, જે ભરૂચ રેલવે પોલીસને શંકાસ્પદ લાગ્યું હતું. પોલીસે જઈને પૂછપરછ કરતાં તેણે મુંબઈ જવાની વાત કરી, પણ પોતાને એકલી હોવાનું જણાવ્યું હતું. આથી પોલીસને શંકા ગઈ અને તેઓએ તરત જ સગીરાને અટકાવી લીધી હતી.

પોલીસે સગીરાને સખી વનસ્ટોપ સેન્ટર (મહિલા હેલ્પલાઈન)ને સોંપી દીધી હતી. સેન્ટરની ટીમે સગીરાનો વિશ્વાસ જીતીને તેની સમગ્ર ઘટના પૂછી હતી. ત્યારે સગીરાએ જવાબ આપ્યો કે, મારે તો હિરોઈન બનવું હતું. એટલે પરિવારને કહ્યા વિના ટ્રેનમાં ચઢી ગઈ. પણ મુંબઈને બદલે મારે ભરૂચમાં ઊતરવું પડ્યું. સખી વનસ્ટોપ સેન્ટરે તાત્કાલિક સગીરાના પરિવારજનોનો સંપર્ક કર્યો. ત્યારે જાણવા મળ્યું કે પરિવાર પહેલેથી જ સગીરાની ગેરહાજરીથી ચિંતિત હતો અને તેઓએ પોલીસમાં ગુમ થવાની ફરિયાદ પણ નોંધાવી હતી. દીકરી ભરૂચમાં સલામત હોવાની ખબર મળતાં પરિવારજનો રાહતનો શ્વાસ લીધો અને તાબડતોબ ભરૂચ આવી પહોંચ્યા હતા. સ્ટેશન પર પહોંચેલા પરિવારજનોએ પોતાની વ્હાલસોયી દીકરીને ભેટીને ભાવુક થઈ ગયા હતા. કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને પોલીસ અને સખી સેન્ટરની ટીમે સગીરાને સલામત રીતે પરિવારને સોંપી દીધી હતી.

## અંકલેશ્વરમાં ડાયનામીક કંપનીમાંથી જાંબલી ધુમાડો નીકળતાં કુતૂહલ



અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ડાયનામીક કંપનીમાંથી અચાનક જાંબલી રંગનો ધુમાડો નીકળતાં સમગ્ર વિસ્તારમાં કુતૂહલ અને ચિંતાનું વાતાવરણ સર્જાયું હતું. કંપનીના ડ્રાયર વિભાગમાં સર્જાયેલી ફ્લેશ ફાયરની ઘટનાને કારણે મોટી માત્રામાં રંગીન ધુમાડો બહાર નીકળ્યો હોવાનુ પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. જો કે, કંપનીના સેફટી વિભાગે તાત્કાલિક કામગીરી હાથ ધરી પરિસ્થિતિને ઝડપથી કાબૂમાં લઈ લેતાં કોઈ જાનહાનિ કે ઇજાની ઘટના બની નહોતી. આઈ.એસ.એચ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઘટનાનાં તમામ પાસાંની વિગતવાર તપાસ બાદ જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવશે. હાલમાં કંપનીમાં કામગીરી સામાન્ય હોવાનું અને પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબૂમાં હોવાનું જાણવા મળ્યું છે. જો કે, આ ઘટનાએ ઔદ્યોગિક એકમોમાં સલામતીનાં ધોરણો અને આગ નિવારણની વ્યવસ્થાઓ અંગે ફરી એકવાર ચર્ચા જગાવી છે. **(તસવીર: પ્રવીણ તૈરૈયા, સુરેશ ગાંધી)**

# અંકલેશ્વરમાં છ વર્ષ નાના યુવક સાથે લિવ ઈનમાં રહેતી મહિલાની હત્યા

**મોબાઇલનો** ઉપયોગ કરવા જેવી નજીવી બાબતે ઝઘડો જીવલેણ બન્યો

**ગણતરીના** કલાકોમાં આરોપીની ધરપકડ



અંકલેશ્વર: અંકલેશ્વરના નવા બોરભાઠા વિસ્તારમાં મોબાઈલના ઉપયોગ જેવી નજીવી બાબતે શરૂ થયેલો ઝઘડો હત્યામાં પરિણમ્યો હતો.

નવા બોરભાઠા ગામની તક્ષશિલા સ્કૂલ પાછળ આવેલી એક સોસાયટીમાં ૨૪ વર્ષીય જગદીશ ઉર્ફે જગ્ગો રમેશ રાઠોડ અને ૩૦ વર્ષીય રેણુકા રાઠોડ છેલ્લા ચાર મહિનાથી લિવ-ઈન રિલેશનશીપમાં સાથે રહેતાં હતાં. રેણુકા તેના અગાઉના પતિથી અલગ રહેતી હતી અને તેને બે સંતાન હતાં, જેઓ પણ તેની સાથે જ આ મકાનમાં રહેતાં હતાં. ઘટનાના દિવસે બંને જ્યારે જમવા બેઠાં હતાં, ત્યારે મોબાઈલ ફોનના ઉપયોગને લઈ બોલાચાલી થઈ હતી. આ સામાન્ય વિવાદે થોડી જ વારમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેમાં ગુસ્સે ભરાયેલા જગદીશે ઘરમાં રહેલા ભારે હથિયાર વડે રેણુકા પર જીવલેણ હુમલો કરી દીધો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલી રેણુકાની બૂમાબૂમ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તેને તાત્કાલિક ગડખોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખસેડી હતી. જો કે, હાલત વધુ નાજૂક હોવાથી તેને વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ રિફર કરવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેણીએ અંતિમ શ્વાસ લીધા હતા. પોતાની માતાની નજર સામે બનેલી આ હૃદયદ્રાવક ઘટનાથી તેના બંને સંતાન ભારે આઘાતમાં સરી પડ્યા છે. આ તરફ ઘટનાની જાણ થતાં જ અંકલેશ્વર પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને ગણતરીના કલાકોમાં જ આરોપી જગદીશ ઉર્ફે જગ્ગાની ધરપકડ કરી લીધી હતી. પોલીસે આરોપી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# આમોદમાં ખાતર માટે ખેડૂતોની લાઈનો લાગી

**ટોકન** આપી ખાતર વિતરણ કરાતાં અનેક વિલા મોંઢે પરત

આમોદ: આમોદ નગર સહિત તાલુકામાં ખાતરની અછત વચ્ચે ખેડૂતોને ખાતર મેળવવા માટે વલખાં મારવાનો વારો આવ્યો હતો. સરકાર દ્વારા આમોદ તાલુકા ખરીદ-વેચાણ સંઘ ખાતે માત્ર 300 ગુણ ખાતર ફાળવવામાં આવ્યું હતું. જેથી ખરીદ વેચાણ સંઘ ખાતે ખેડૂતોની ભારે ભીડ જોવા મળી હતી. સંઘના મેનેજર દ્વારા એક ખેડૂત દીઠ પાંચ ગુણ ખાતર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેના અનુસંધાને આશરે 60 જેટલા ખેડૂતોને કૂપન આપવામાં આવી હતી. જોકે સવાર 4 વાગ્યાંથી ઊઠીને આવેલા તાલુકાના ખેડૂતોને ખાતર ન મળતા ભારે નિરાશા સાથે પરત ફરવું પડ્યું હતું. આ અંગે સંઘના મેનેજરે જણાવ્યું હતું કે સરકારના માર્ગદર્શન મુજબ ખાતરનું કાળાબજાર અને સંગ્રહખોરી અટકાવવા માટે મર્યાદિત જથ્થામાં વિતરણ કરવામાં આવી રહ્યું છે. આમોદ તાલુકામાં પૂરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ કરાવવા ખેડૂત ખાતેદારોમાં માંગ ઉઠવા પામી હતી.

# ઉંમરઝરમાં શેરડીના ખેતરમાં શ્રમિક ઉપર દીપડાનો હુમલો



વિનોદ મૈસુરીયા

**ખેતરમાં** પાણી વાળતાં અંકિત વસાવા ઘાયલ, હોસ્પિટલ ખસેડાયો

વાંકલ: ઉમરપાડા તાલુકાના ઉંમરઝર ગામે શેરડીના ખેતરમાં કામ કરી રહેલા ૨૧ વર્ષીય સ્થાનિક શ્રમિક અંકિત વસાવા પર દીપડાએ ઓચિંતો હુમલો કરતાં સમગ્ર પંથકમાં ગ્રામજનોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર ઉંમરઝર-ખાટીજામણ ગામની સીમમાં આવેલા રવજીભાઈ ચૌધરીના ખેતરમાં બપોરના આશરે એકાદ વાગ્યાના સુમારે અંકિત પાણી વાળવાનું કામ કરી રહ્યો હતો. શેરડીનો પાક મોટો હોવાથી ત્યાં છુપાઈને બેઠેલા દીપડો અચાનક યુવક પર ત્રાટક્યો હતો. દીપડાએ પંજા અને તીક્ષ્ણ દાંત વડે હુમલો કરતાં યુવકને છાતી, પીઠ અને સાથળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી, જેના કારણે ભારે રક્તસ્ત્રાવ થયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત શ્રમિકને વહેલી તકે ઝંખવાવ સીએસસી ખાતે ખસેડ્યો હતો. જો કે, ઈજા ખૂબ ઊંડી હોવાથી વધુ સઘન સારવાર માટે તેને બારડોલીની હોસ્પિટલમાં રીફર કરાયો છે. ઘટનાની જાણ થતાં જ વન વિભાગના આર.એફ.ઓ. જબ્બર ખોખર સહિતની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને દીપડાના પગમાર્ક મેળવવાની તજવીજ હાથ ધરી હતી. સ્થાનિકોની ઉગ્ર માંગને પગલે વન વિભાગ દ્વારા દીપડાને પાંજરે પૂરવા માટે ખેતરની આસપાસ પાંજરું ગોઠવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# વડપાડા નેસુ ગામની કન્યા શાળાનાં શિક્ષકોને ફરજ મોકૂફ કરાતાં વિવાદ

**LMC** શિક્ષિકોને શાળામાં ફરીથી નિયુક્ત કરવા પ્રાયોજના વહીવટદારને રજૂઆત




વ્યારા: ઉચ્છલના વડપાડા નેસુ ખાતે આવેલી 'બાબરઘાટ ૨ પીએમ શ્રી કન્યા સાક્ષરતા નિવાસી શાળા'માં વર્ષ-૨૦૨૬માં ૧૦૦ ટકા પરિણામ આવ્યું હોવા છતાં ૧૧ મહિનાના કરાર આધારિત ૧૦ જેટલા LMC શિક્ષકોને કોઈ કારણ વિના એકાએક ફરજ પરથી દૂર કરાતાં ભારે વિવાદ સર્જાયો છે. જૂના સ્ટાફને જાણ કર્યા વિના જ નવા શૈક્ષણિક સત્રમાં નવી ભરતી કરી દેવાતાં અન્યાયનો ભોગ બનેલા શિક્ષકોએ ન્યાય માટે ઉચ્છલ મામલતદાર અને સોનગઢ પ્રાયોજના વહીવટીદારને લેખિત રજૂઆત કરી છે.

શિક્ષકોએ આક્ષેપ કર્યો છે કે, શાળામાં જ્યારથી ધર્મિષ્ઠા ચૌધરીએ આચાર્ય તરીકે ચાર્જ સંભાળ્યો છે, ત્યારથી શાળાનું વાતાવરણ તંગ બન્યું છે. ૬ મહિનાથી લઈને ૯ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવનાર આ શિક્ષકોને અચાનક દૂર કરાતા તેઓ બેરોજગાર બન્યાં છે અને પરિવારના જીવનનિર્વાહનો પ્રશ્ન ઊભો થયો છે. છૂટાં કરાયેલાં ૧૦ શિક્ષકમાંથી ૯ આદિવાસી મહિલા શિક્ષકો છે. અગાઉ ફેબ્રુઆરીમાં પાણીનો બોર ખરાબ થતાં આચાર્યે જાતે વિડીયો-ફોટા બનાવી શાળાને બદનામ કરી હોવાનો પણ આક્ષેપ છે.

બીજી તરફ આચાર્ય ધર્મિષ્ઠા ચૌધરીએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું કે, દર વર્ષે માર્ચમાં LMC શિક્ષકોનો કરાર પૂર્ણ થાય જ છે અને આ નિર્ણયમાં તેમની કોઈ ભૂમિકા હોતી નથી. અગાઉ આ શિક્ષકો દ્વારા શાળામાં શિસ્તભંગ કરાયો હોવાથી નવા સત્રમાં તેમને રાખવામાં આવ્યાં નથી. જે અંગે સોનગઢ પ્રાયોજના કચેરીને પણ જાણ કરાઈ છે. હાલ આ મામલે વહીવટી તંત્ર શિક્ષકો અને શાળાના હિતમાં યોગ્ય નિર્ણય લે તેવી માંગ ઊઠી છે.

# નેત્રંગમાં ગેરકાયદે ખનીજ વહન કરતી ટ્રક ઝડપાઈ

**રૂ.૫૦ લાખનો** મુદ્દામાલ કબજે કરાયો



પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી રાજકીય આકાઓના આશીર્વાદથી ભૂમાફિયાઓ બેફામ બન્યા છે. અહીં ગેરકાયદે માટી, રેતી અને કપચીના વહનની પ્રવૃત્તિ વ્યાપકપણે ફૂલીફાલી છે. આ ગેરકાયદે પ્રવૃત્તિને અંકુશમાં લાવવા માટે નેત્રંગના મામલતદાર કલ્પેશ બી. ગળિયા (GAS) અને તેમની ટીમ દ્વારા ગત તા.૧૮ના રોજ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરી દરમિયાન નેત્રંગ-ઝંખવાવ રોડ પર કેલ્વીકૂવા અને ચાસવડ ગામ વચ્ચે એક શંકાસ્પદ ટ્રકને રોકી તપાસ કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન ટ્રક નંબર (GJ-19-Y-9205) રોયલ્ટી પાસની મર્યાદા કરતાં વધુ ઓવરલોડ ખનીજ ભરીને વહન કરતી ઝડપાઈ હતી. તંત્ર દ્વારા આ વાહનને તાત્કાલિક સીઝ કરી ખનીજ કાયદા અને નિયમો મુજબ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં અંદાજે ૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. હાલમાં સીઝ કરેલી ટ્રકને નેત્રંગ મામલતદાર કચેરી ખાતે પોલીસ કસ્ટડી હેઠળ સુરક્ષિત રાખવામાં આવી છે. વહીવટીતંત્રની આ કડક કાર્યવાહીથી ભૂમાફિયાઓ અને તેમના રાજકીય આકાઓમાં ફફડાટ ફેલાયો છે, જેને પગલે મામલતદાર કચેરી ખાતે ભલામણકારોના આટાફેરા વધી ગયા છે.

# અંકલેશ્વરમાં બાઈકની ટક્કરે સાઈકલસવાર ઘાયલ

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસીની રોકડિયા ચોકડી નજીક પૂરઝડપે આવતા અજાણ્યા બાઈકચાલકે સાઈકલસવારને જોરદાર ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ગડખોલ જનતાનગરના રહેવાસી અને હેમા ફાર્મા કંપનીના કર્મચારી 41 વર્ષીય સંતોષસિંહ અર્જુનસિંહ પ્રસાદને માથા અને ચહેરા પર ગંભીર ઈજા પહોંચતા તેઓ બેભાન થઈ ગયા હતા. રાહદારીઓએ તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં તેમની નાજૂક સ્થિતિને કારણે હાલ તેઓ જયાબેન મોદી હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં સારવાર હેઠળ છે. ઘટનાની જાણ થતાં ઈજાગ્રસ્તના ભાણેજે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા અજાણ્યા બાઈકચાલક વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# અંબિકાના વાંસકુઈમાં ઝેરી દવા પી યુવકે જીવન ટુંકાવી લીધું

**અનાવલ** પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો

અનાવલ: અંબિકાના વાંસકુઈના 28 વર્ષીય અવિકુમાર યોગેશભાઈ પટેલે ઝેરી દવા પી લેતાં તેમને ચીખલી બાદ સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરાયા હતા. સારવાર દરમિયાન તબિયત વધુ બગડતાં તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે ખટોદરા પોલીસ મથકે અકસ્માતે મોતનો ગુનો નોંધાયા બાદ વધુ તપાસ માટે કાર્યવાહી અનાવલ પોલીસને સોંપવામાં આવી છે.

## નવાગામ-ઉટીયાની સીમમાંથી રૂ.3 લાખનો દારૂ ઝડપાયો, બે બુટલેગર ફરાર

અંકલેશ્વર: ભરૂચ એલ.સી.બી. પોલીસે ચોક્કસ બાતમીના આધારે અંકલેશ્વરના નવાગામ-ઉટીયા સીમ વિસ્તારમાં સફળ દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે સ્થળ પરથી રૂ.3.08 લાખની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરના ટીન (કુલ ૨૪૧૯ નંગ) તેમજ રૂ.5 લાખની કિંમતની એક સફેદ રંગની કાર નં.(જીજે-૧૫-સી.એન.-1620) મળી કુલ રૂ.8.85 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ રેડ દરમિયાન મુખ્ય આરોપીઓ સતીષ ઉર્ફે સતલો ગાંડો વસાવા અને મિતેષ ઉર્ફે કાલુ વસાવા અંધારાનો લાભ લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. એલ.સી.બી. પોલીસે બંને ફરાર આરોપીઓ વિરુદ્ધ ગુજરાત પ્રતિબંધક કાયદા હેઠળ ગુનો નોંધી તેમની શોધખોળ અને દારૂના સ્ત્રોત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# અંકલેશ્વર હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં ગાંજો વેચતી મહિલા ઝડપાઈ

અંકલેશ્વર: ભરૂચ એસઓજી પોલીસે બાતમીના આધારે ગાંજાનું છૂટક વેચાણ કરતી અને અંકલેશ્વરના સુરતી ભાગોળ સ્થિત ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન નં. ૫૦૪માં રહેતી લક્ષ્મીબેન બળવંતભાઈ ઠક્કરને ઝડપી પાડી હતી. પોલીસે ૧.૨૪૫ કિલોગ્રામ ગાંજો સહિત કુલ રૂ. ૬૨,૨૫૦ની મતા કબજે કરી હતી. ઉપરાંત રૂખશાના ઉર્ફે એના નામની અન્ય એક મહિલા, જે ગોયા બજાર વિસ્તારમાં રહેતી હોવાનુ જાણવા મળ્યું છે,પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરી છે.